


## આંખમાં નહિ, અંતરમાં

પ્રભાતનું દ્વાર ખુલ્યું ત્યારે સૂર્ય ગગનની બારીમાંથી ડોકિયું કરતો હતો, અને ઉદ્યાનમાં થઈ હું વિહાર કરતો હતો. મારી આગળ એક યુગલ ચાલ્યું જતું હતું. બંને ગંભીર હતાં. ૬૩ ની જેમ એકબીજાની સન્મુખ હોવાને બદલે ૩૬ ની જેમ એક બીજાથી વિમુખ હતાં. મને થયું આ બંને વચ્ચે ૬૩ ના સંવાદને બદલે ૩૬ નો વિવાદ જણાય છે. પણ ચાલતાં હતાં ૩૩ ની જેમ એકબીજાની આગળ પાછળ.

ત્યાં તો પુરુષ બોલતો સંભળાયો :

"શું ધૂળ સૌન્દર્ય છે તારામાં! તને ખુશ કરવા લોકો મફતમાં ખુશામત કરે છે. ચૂના જેવી ધોળી થઈ એ તે કંઈ સૌન્દર્ય કહેવાય?" લાવણ્યનીતરતી સ્ત્રીને ઉતારી પાડતા ગાયકે કહ્યું.

ત્યાં તો જાણે વીજળી ત્રાટકી. "અને તમારા ગળામાં સ્વરની મીઠાશ જ ક્યાં છે? મૂર્ખાઓ તમને ગવૈયા કહી વાહ વાહ કરે છે. બરાડા તાણવા એ તે કંઈ સ્વર સંગીત છે?"

બંનેમાં રહેલો કલહ એક બીજાના દોષ જ જોઈ રહ્યો હતો.

હું થોડું ચાલ્યો ત્યાં ફૂલને કંઈક કહેતા બુલબુલનું મીઠું ગુંજન સંભળાયું. "સૌન્દર્ય તો છે, પુષ્પ! તારા પરાગ અને પરિમલમાં!"

ફૂલે સ્નેહની સુવાસમાં ઉત્તર આપ્યો: "સૌન્દર્ય તો છે, બુલબુલ! તારા ગળામાંથી નીતરતા સ્વર માધુર્યમાં."

અહીં પ્રેમની આંખ ગુણ જ જોઈ રહી હતી. પહેલી જ વાર મને સૌન્દર્યનું સત્ય જડયું: સૌન્દર્ય વસ્તુમાં નહિ, પ્રેમમાં છે. આંખમાં નહિ, અંતરમાં છે.

—પૂ. ચિત્રભાનુ

વર્ષ ૩ જું　　　　અંક ૪ થો

# દિવ્યદીપ

## પીડ પરાઈ ★ સત્યાનંદ

ઇરાનના મહાપ્રાણ કવિ શેખ સાદીના 'બોસ્તાં'માં એક વાત આવે છે :

'દમિસ્કમાં એકવાર મોટો દુકાળ પડયો. લોકો ટપોટપ ભૂખ્યા મરવા લાગ્યા. પાણી નામની ચીજ અગર જો કયાંય પણ જોવા મળતી તો તે માત્ર દુઃખીઓની આંખોમાં! પાંદડાં પડી જવાથી ઝાડ તમામ નાગાબાવા જેવાં થઈ ગયાં હતાં.

એવામાં મને એક મિત્ર મળવા આવ્યો. તેના દિદાર જોઇને જ હું દુઃખી દુઃખી થઇ ગયો. એક જમાનામાં તે શહેરનો ધનવાન આગેવાન હતો. આજે તેનું શરીર સુકાઇને કેવળ અસ્થિ-પિંજર જેવું જ થઇ ગયું હતું.

મેં તેને પૂછયું: 'મારા નેક દોસ્ત, તારા પર એવી કઈ મુશ્કેલી ગુજરી છે કે તું આવો હાલહવાલ થઈ ગયો?'

આ સાંભળતાં જ તે પુણ્યપ્રકોપથી રાતોચોળ થઇ ઊઠયો. દુઃખી આંખો મારા સામે ખોડીને તે બોલ્યો: 'અરે પાગલ, તમામ વાત જાણે છે છતાં મને પૂછે છે? અક્કલ ગુમાવી બેઠો છે શું? તને એ પણ ખબર નથી કે મુસીબત હદ વટાવી ચૂકી છે?'

તસલ્લી આપતાં તેને મેં કહ્યું: 'પરંતુ, એ બધાની તને શી આંચ? ઝેર તો માત્ર ત્યાં જ વ્યાપે છે જ્યાં અમૃત નથી હોતું. પણ રોજેરોજની જરૂરિયાતો માટે તું તો એવો ન એવો જ સુરક્ષિત છે!'

મારી આ વાત સાંભળીને ઘણી જ રંજભરી આંખે તેણે મારી સામે જોયું. તે ઘણો જ ખિન્ન જણાતો હતો. મને તો એવું લાગ્યુ કે જાણે કોઇ મોટો જ્ઞાની પુરુષ કોઈ અજ્ઞાનના અંધારામાં અટવાતી વ્યકિતને ન તાકી રહ્યો હોય!

એક લાંબો-ઊંડો શ્વાસ લઇને, જાણે મારા પર રહેમ કરી રહ્યો હોય તેમ કહ્યું, 'મારા અજાણ્યા ભાઇ, અગર કોઇ એક માણસના તમામ મિત્રો દરિયામાં ડૂબી રહ્યા હોય અને તે એકલો જ કિનારે ઊભો ઊભો તેઓને ડૂબતા જોઇ રહ્યો હોય તો તેના નસીબમાં ચેન કેવું? મારો ચહેરો પીળોપચ્ચ થઇ ગયો છે તેનું કારણ મારી પાસે ધન નથી રહ્યું એ નથી, બલ્કે એ છે કે મારા સઘળા પડોશીઓ ભૂખ્યા તરફડી રહ્યા છે. શું તું એ નથી જાણતો કે અકલબંધ લોકો તેઓ ગણાય છે જેઓ ન તો પોતે જખમી થવા ચાહે છે કે ન તો બીજાઓને જખમી જોવા ચાહે છે? શું તે તન્દુરસ્ત માણસનું જીવન કયારે પણ સુખી થઇ શકે છે જેની જોડેનો માણસ બીમાર હોય અને કણસતો હોય? એ જ હાલત મારી છે. જ્યારે હું જોઉં છું કે મારી આસપાસ હાય-હાય મરી રહી છે ત્યારે મારો અમૃતનો કોળિયો ય ઝેર બની જાય છે.'

# રત્નત્રયી

ગતાંકથી ચાલુ

પ્રવચનકાર

પૂ. મુનિરાજશ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજ

[ અણુવ્રત સંઘના આગેવાનોના ભાવભર્યા નિમંત્રણથી પૂજ્યગુરુદેવ શ્રી ચિત્રભાનુ મહારાજે અણુવ્રત હૉલની વિશાળ મેદની સમક્ષ "રત્નત્રયી" પર તા. ૨–૩–૬૬ થી ૪–૩–૬૬ બુધ, ગુરુ, શુક્ર સુધી આપેલ પ્રવચન માળા અહીં પૂર્ણ થાય છે–તંત્રી. ]

દર્શન એ આત્માની આંખી છે, જ્ઞાન એ આત્માની સમજ છે. ચારિત્ર એ આત્માની રમણતા છે–પૂર્ણ એકતા છે.

સૂફીની મને એક કવિતા યાદ આવે છે. એક આશક છે. એ પોતાની પ્રિયાને ત્યાં જાય છે. પ્રિયાનું ઘર દૂર છે. એ ત્યાં પ્રવાસ ખેડી જાય છે. સાંજે જઇ એ બારણા ઉપર ટકોરા મારે છે. અંદરથી અવાજ આવે છે. "કોણ છે?" આશકે જવાબ વાળ્યો, "હું છું." અંદરથી ઉત્તર આવ્યો. "આ સ્થાન નાનું છે. આમાં હુંની જગ્યા નથી!" દ્વાર ન ખુલ્યું. એ ચાલી ગયો. જંગલના એકાન્તમાં જઈ બેઠો. એનું મન ધીરે ધીરે શાન્ત પડ્યું. ચંચળતા શમી ગઇ. અને મન પરનું ઢાંકણું ઊઘડી ગયું. અંદરથી જ એને જવાબ મળ્યો. તત્ત્વ સમજાતાં એ હસી પડયો. થયો ઊભો અને આવ્યો ફરી પ્રિયાને દ્વારે. ટકોરા મારી એ પ્રતીક્ષા કરતો ઊભો જ રહ્યો. અંદરથી ફરી એ જ પ્રશ્ન. "કોણ છે?" જવાબ વાળ્યો. "તું છે." દ્વાર ખુલ્યું.

તું તે જે સ્વયં છો તે આ જ છે. આ અને તે જુદાં નથી. બિન્દુ નાનું દેખાય છે પણ સિન્ધુથી જુદી જાતનું નથી. અરે, બિન્દુ એટલે જ સિન્ધુ! બિન્દુઓ ન હોત તો સિન્ધુ સંભવત કેમ? આત્મા ન હોત તો પરમાત્મા આવત કયાંથી? વાતનો કે ચર્ચાનો આ વિષય નથી. આ તો અનુભવનો આનંદ છે.

વાસનાના વ્યસનમાં લપટાયેલા મનને મુકિતની મઝા નહિ સમજાય. એ બંધાયેલા જંતુને આત્મ–સ્વાતંત્ર્યમાંથી ઊછળતી ઊર્મિઓની આહ્લાદકતા સ્પર્શે પણ કેમ?

નાહી ધોઇને સ્વચ્છ બનેલા માણસને જરાક ધૂળની રજ ઊડતાં પણ બેચેની થાય. પણ ધૂળ અને ઉકરડામાં જ આળોટતા પેલા પ્રાણીને સ્નાન કરી શુદ્ધ થવાનો વિચાર સરખોય સ્પર્શે?

શકિત ચંચળતામાં નહિ, સંયમમાં છે. અવાજોમાં નહિ, અંતરમાં છે. અંતરમાં ઊતરીને જુઓ કે અંદરે કેવો પ્રશાન્ત શકિતનો સ્રોત વહી રહ્યો છે!

Atom અણુ ફૂટતાં અંદરથી શકિત પ્રગટે છે તેમ અહંનું કોચલું ફૂટતાં અંદરથી સ્વયં પ્રગટે છે. અહંના કોચલામાં સ્વયં છૂપાયેલ છે. અહં કયારે ફૂટે? અંદર ઊંડા ઊતરો ત્યારે. લોકો અહંના નાળિયેર પર દાંત લગાવી સ્વાદ લેવા ચાહે છે. બહાર કંઇ નથી. કોપરુ અંદર છે. નાળિયેર ફૂટે તો જ અંદરનું મીઠું પાણી મળે. ઉપર ઉપરથી શું વળે?

અહં ઢાંકણુ છે. સ્વયં તત્ત્વ છે. અહં પ્રતિષ્ઠા કે અહંકાર છે, એ કોઇએ આપેલું છે. પારકું છે. સ્વયં કોઇએ આપેલું નથી. એ પોતે સ્વયં સિદ્ધ છે. અહં બેડી છે, સ્વયં મુકિત છે,

અહં ઓળખાણ આપવા માગે છે કે હું કોણ છું. સ્વયં ઓળખાણ ભૂસવા માગે છે.

એક સાધુ પાસે ત્રણ મિત્રો આવ્યા. એમને સાધના કરવી હતી. સાધુએ પૂછયું: "કોણ છો?" પહેલાએ કહ્યું: "હું? હું રાજકુંવર છું. વીશ ગામનો સ્વામી છું"...."બસ." સાધુએ એને અટકાવી બીજાને પૂછયું: "કોણ છો?" "હું? હું નગરશ્રેષ્ઠિનો પુત્ર છું. એક કરોડ રૂપિયા મારા પિતા પાસે છે. હું એકનો એક પુત્ર છું. મારું સ્થાન ઘરમાં અદ્વિતીય છે."

સાધુએ ત્રીજાને પૂછયું: "કોણ છો?"

ત્રીજાએ હાથ જોડી નમ્રતાથી કહ્યું: "પ્રભો! હું જાણતો હોત કે હું કોણ છું તો અહીં આપની પાસે શાને આવત? આપ જ બતાવો કે હું શું છું? હું કોણ છું! કારણ કે, હું સ્વયંને ભૂલી ગયો છું. બધાની સાથે નામ અને ધામમાં પૂરાયો છું."

સાધુએ જાણ્યું ત્રણમાં આ જ સાધક છે. શાન્તિમાં સ્વયંને પામવા આ આવ્યો છે. પેલા બે તો નામ અને ધામવાળા છે: એકની પાસે પૈસાનો અહં છે, બીજાની પાસે પ્રતિષ્ઠાનો. આ અહં તો સ્વયંને આવરે છે! પદવી અને પ્રતિષ્ઠામાં જ પ્રસન્નતા માનતો માણસ પ્રભુતાને કેમ પામે?

ચૈતન્યની ચારિત્ર્યરમણતા એટલે પ્રાપ્તિ નહિ, તૃપ્તિ. ભ. મહાવીર ગૃહત્યાગ કરી જઇ રહ્યા છે ત્યારે નન્દીવર્ધને એમને કહ્યું: "ભાઇ! આ રાજ્ય ન કરો?"

ભગવાન મહાવીરની આંખો આકાશ પ્રતિ ઊંચી થઇ અને તૃપ્તિનો પમરાટ પ્રસરાવતા એમણે કહ્યું: "બધું! જેનું સામ્રાજ્ય ગગનથીય ઊંચું છે તે આ ધૂળમાં સમય કેમ વીતાવે? જે આત્મામાં સ્વરાજ્ય કરવા આવ્યો હોય છે તે માણસના શરીર પર રાજ્ય કરવા કેમ રોકાય?...."

આ શબ્દો કયા ઊંડાણોમાંથી આવે છે? જ્યાં વાસનાભરી બુદ્ધિ ડોકિયું કરવા પણ હિમ્મત નથી કરી શકતી એવા ઊંડાણોમાં આ સમજ પડી છે. મધની પ્રાપ્તિ પછી તો મધુકર પણ ભટકવું મૂકી તૃપ્તિની લીનતા માણે છે! આ લીનતા એજ જીવનના પરમ આનંદની પ્રાપ્તિભરી પૂર્તિ છે. એ પામવું એ જ આ માનવજીવનનો પરમ હેતુ છે, ઉદ્દેશ છે. મુક્તિની આ ભૂમિકા પામવા પ્રભુએ આપણને ત્રણ સાધન બતાવ્યાં: દર્શન-જ્ઞાન-ચારિત્ર. આત્માની ઝાંખી એટલે દર્શન, આત્માની સમજ એટલે જ્ઞાન, આત્માની રમણતા એટલે ચારિત્ર્ય; આ ત્રણેમાંથી એક પણ અપૂર્ણ હોય તો મુક્તિ ન સંભવે. હરડાં-બેડાં-આમળાં એટલે ત્રિફળા. તેમ દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિપૂર્ણ પ્રાપ્તિ એટલે મુક્તિ. આ પૂર્ણની પ્રાપ્તિ આપ સૌને આ રત્નત્રયીની પૂર્ણતાથી થાઓ એ મહેચ્છા.

---

છું એવી જાગૃતિમાં કે વધું જાગી નથી શકતો;
જગતને સ્વપ્ન માનું છું, મગર ત્યાગી નથી શકતો.

---

## દૂર જ સારા

એક વખત એક કોલસાના વેપારીએ ધોબીને કહ્યું: "તું મારે ઘેર થોડા દિવસ રહેવા આવીશ તો મને ખૂબ આનંદ થશે."

ધોબીએ જવાબ આપ્યો:

"મને તારો માયાળુ સ્વભાવ જોઇને આનંદ થાય છે. પણ આપણા બંને માટે દિવસો બોજારૂપ બની જશે. કારણ કે હું ગમે તેટલાં સફેદ કપડાં પહેરીને આવીશ તો પણ તારે ત્યાં તો તરત કાળાં જ થવાનાં, એટલે આપણે એક બીજાની નજીક આવીએ એના કરતાં દૂરથી જ વધારે સુખી છીએ..."

# જીવનનો પ્રકાશ

પ્રવચનકાર:—પૂ. મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજ

જેમનો સ્વભાવ જ પ્રકાશ આપવાનો છે એવા દુનિયાના આ શ્રેષ્ઠ અને ઉજ્જવળ દાતાઓના જીવનનો વિચાર તો કરો કે આ બધા લોકોને શું આપે છે?

સૂર્ય પ્રકાશ આપે છે, ચંદ્ર પ્રકાશ આપે છે અને તારાઓ પણ પ્રકાશ આપે છે. અરે! નાનો દીવો પણ પ્રકાશ આપે છે.

પરંતુ મનુષ્ય શું આપે છે? એ તો આવે છે ને જાય છે, લાવે છે અને ખાય છે; તે જો વિચાર કરે કે બધા પ્રકાશ આપે છે તો હું શું આપું છું? હું દુનિયા પાસેથી બધું લઉં છું, પરંતુ આપું છું શું? કંઇ નહીં. જો આમ જ હોય તો મારું જીવન સૂર્ય, ચંદ્ર, તારા અને દીવા કરતા પણ ઊતરતું હોવું જોઇએ.

આથી આપણે—માનવીઓએ જીવન એવું જીવવું જોઇએ કે એનો પ્રકાશ લાંબા સમય સુધી પૃથ્વીને અજવાળતો રહે. કેટલાક માનવીઓ એવા થઇ ગયા જેમનો પ્રકાશ આજે હજારો વર્ષ પછી પણ પૃથ્વીને અજવાળે છે જ્યારે કેટલાક માણસો એવા પણ થઈ ગયા છે કે જેનું નામ લેતાં પણ ઘૃણા છૂટે છે! દુનિયામાં રામ પણ થયા છે અને રાવણ પણ થયો છે, કૃષ્ણ પણ થયા છે અને કંસ પણ થયો છે, ગાંધીજી પણ થયા છે અને ગોડસે પણ થયો છે, મહાવીર પણ થયા છે અને મંકલીપુત્ર પણ થયો છે; પણ એ બે વચ્ચે કેટલું અંતર?

હા, માની લઇએ કે—દરેક માનવી માનવ જાતને ન અજવાળી શકે તો પણ તેણે પોતાના કુટુંબ અને પોતાની આસપાસના વાતાવરણને તો અજવાળવું જોઇએ! આ માટે જીવન એવું જીવવું જોઇએ કે તેનાં કર્તાનો પ્રકાશ પડતો હોય. આવું જીવન બનાવવા માટે માણસે પ્રયત્ન કરવો પડે છે. કયા માર્ગે જવું જોઇએ અને કયા સિધ્ધાંતો અપનાવવા જોઇએ તેનો વિચાર કરવો પડે છે.

માનવે પોતાના જીવનનો પ્રકાશ જો સંસારને આપવો હોય તો આ ચાર વસ્તુઓ આવશ્યક છે:

(૧) વિદ્યા (૨) પુરુષાર્થ (૩) ચિંતન અને (૪) ત્યાગ.

**વિદ્યા**: દરેક માનવીમાં પળેપળ અભ્યાસ કરવાની તમન્ના હોવી જોઇએ. આપણા સમાજમાં મોટી ઉંમરે અભ્યાસ કરનારાઓ કેટલા છે? નહીવત. વિદ્યાની ઉપાસના માણસને જીવતો રાખે છે, શૈશવનો આનંદ આપે છે. આજે માણસને જીવન મૃતપ્રાય લાગે છે કારણ કે તેમાં શૈશવનો આનંદ નથી. જીવન પાસે શૈશવનો આનંદ નથી કારણ કે માણસો વિદ્યાની ઉપાસના કરતા નથી. આથી જીવનમાં જ્ઞાનરૂપી સુધાને વહાવવાની જરૂર છે. આપણામાંથી સારા વિચારો જાય નહીં અને ખરાબ વિચારો આવે નહીં તે માટે વિદ્યાની ઉપાસનાની જરૂર છે.

જીવનમાં દરરોજ એક સુંદર વિચાર અપનાવવાનું વલણ રાખવું જોઇએ, પછી આ વિચાર પર ચિંતન અને મનન કરો. જીવનમાં ત્યાગમય, ભાવનામય અને પ્રકાશમય ભાવોને ભરો.

જીવનમાં આ ભાવો નહીં આવે તો જીવનની અસ્મિતા નહીં આવે જે જિંદગીનું પ્રથમ સોપાન છે.

**પુરુષાર્થ** : સમાજનો માનવી નિર્માલ્ય ન હોવો જોઈએ. કોઈની પાસે હાથ ધરવા કરતાં મરી જવું એવી ખમીરભરી ભાવના તેનામાં હોવી જોઈએ, આમ બને તો જ સમાજ ઊંચો આવે. પુરુષાર્થનું બીજું નામ છેઃ શ્રમ. માણસે કોઈ પણ કામ કરતાં સંકોચાવું નહીં જોઈએ. શ્રમની શરમ ન હોય. મફતનું ખાવામાં શરમ છે. શ્રમ કરવામાં શરમ નહીં અનુભવતાં હાથ ધરવામાં શરમ અનુભવવી જોઈએ ઉલ્ટાનુ કોઈપણ કામ હાથે કરવામાં ગૌરવ જાગવું જોઈએ. માણસોને ખરાબ કામ કરતાં શરમ લાગતી નથી તો શ્રમથી હાથે કામ કરતાં શા માટે શરમ લાગવી જોઈએ? શ્રમ કરીને જીવન જીવવાનો આનંદ જુદો જ હોય છે. શ્રમ વગરનો પૈસો શાંતિ આપતો નથી પણ અશાંતિ ઉત્પન્ન કરે છે અને તેની માઠી અસર સમાજ પર પડે છે.

શ્રમજીવીની શકિત, ભાવના, વિચારો જુદા હોય છે. જો જીવનમાં શ્રમને સ્થાન નહીં આપો તો જીવનની અસ્મિતા મરી જશે ખમીર ને માણસાઈ ચાલી જશે. આથી સમાજમાં આજે શ્રમની–પુરુષાર્થની ભાવનાની પુનઃ પ્રતિષ્ઠા કરવાની જરૂર છે. આ ભાવના ભારતનાં નરનારીઓમાં જાગે તો આપણે ગૌરવરૂપ જીવન જીવી શકીએ અને આવતી પેઢીને સંસ્કાર આપી શકીએ.

**ચિંતન** : જીવનના પ્રકાશ માટે ત્રીજી વસ્તુની જરૂર છેઃ ચિંતનની. જિંદગી ચિંતન માગે છેઃ મનુષ્યે શા માટે જીવવું જોઈએ, જીવન જીવવાનો હેતુ શો છે? ખાવું, પીવું, ભોગવવું અને સંચય કરવો એ બધાનો હેતુ શો છે? એ જીવનમાં નવીનતા શી છે? આનંદ શો છે?

તમારે તમારું જીવન નવીનતાપૂર્ણ અને હેતુલક્ષી બનાવવું હોય તો દરરોજ એક વાત વિચારો: મારા અસ્તિત્વે આ વાતાવરણને સુંદર અને સુવાસમય બનાવ્યું છે? એવો વિચાર કરો તો તમે બીજાને દુઃખ આપનારા નહીં પણ સુખ આપનારા બનો અને માણસ–માણસને સહાયક બનો.

**ત્યાગ** : જીવનને ઊંચે લઈ જવા માટે ત્યાગ ભાવનાની પણ એટલી જ આવશ્યકતા છે. માનવીની જિંદગી લેવા માટે છે એના કરતા દેવા માટે વધારે છે. વૃક્ષો, સરિતા, ચંદ્ર, સૂર્ય તારાઓ આપણને કંઇ ને કંઈ આપે જ છે જ્યારે માણસ કંઇ નથી આપતો. મનુષ્યમાં જો ત્યાગની ભાવના આવી જાય, તો સમાજ માટે તે વધુ ખર્ચે અને પોતાના માટે ઓછું ખર્ચે. પછી સમાજને ઊંચે આવતાં વાર નહીં લાગે. તમારે તમારી કમાણીનો છઠ્ઠો ભાગ સારા કાર્ય માટે ખર્ચવો જોઈએ. સંચય કરવાનું કે ભેગું કરવાનું કાર્ય તો બધા કરે છે પણ દેવાનું કાર્ય તો બાદશાહી દિલ હોય તે જ કરી શકે. કોઈને કંઈ આપવાનો વિચાર જાગે તો સમજજો કે તમારામાં આજ કોઇ દેવ વસ્યો છે!

ઉપરોકત ચાર ભાવનાઓ વિદ્યા, પુરુષાર્થ, ચિંતન અને ત્યાગ વડે જીવન જીવાય તો સૂર્ય, ચંદ્ર, તારાઓ અને દીવાની જેમ મનુષ્ય પણ પ્રકાશ આપી શકે, જે આજના સમાજમાં, અંધકારમય વિશ્વમાં ખૂબ જ જરૂરી છે.

—ટૂંકી નોંધ

* ભાગ્યરૂપી સૂર્યોદય થતાં મિત્ર ઘણા થઇ જાય છે, છાયા લાંબી દેખાય છે; પરંતુ ભાગ્ય અસ્ત થતાં મિત્ર તો ઠીક, પરંતુ છાયા પણ શરીરને છોડી જાય છે!

## શુદ્ધિ અને વૃદ્ધિ

વૈરાગ્યની ખોટી સમજણુને લીધે, દુઃખના ભયને લીધે આપણે સુખમાત્ર–આનંદમાત્ર ત્યાજ્ય માનવા લાગ્યા એ ઉન્નતિના માર્ગમાં આપણી ઘણી મોટી ભૂલ થઇ. કર્મમાર્ગના આનંદને શુદ્ધ ન કરતાં, તેને સાત્વિક ન બનાવતાં, તેને પાપરૂપ–દોષરૂપ સમજવા લાગ્યા, એટલે આત્મ વિષયક, ઇશ્વરવિષયક કૃત્રિમ અને કાલ્પનિક આનંદ આપણે નિર્માણ કરવા પડયા અને તેથી જ સ્વર્ગ–સુખની, દિવ્યલોકની, મોક્ષસુખની અતિશયતાપૂર્ણ ખોટી કલ્પનામાં આપણા મનને સદૈવ તરંગિત રાખવું પડયું.

સંસારમાં રહેવા છતા જે પોતાના સંબંધીઓને સુખ આપવાનો પ્રયત્ન કરતો નથી, તેમનું દુઃખનિવારણ કરવાની ચિંતા કરતો નથી, તે સંસારમાંથી ગૃહસ્થી જીવન છોડીને રાષ્ટ્રકાર્યમાં પડયો હોય તોયે શું, ઇશ્વરભકત થયો હોય તોયે શું? કે સંન્યાસી થયો હોય તોયે શું? તેથી તેની માનવતા વધતી નથી.

માણસમાં જે શકિતઓ છે તે બધી શકિતઓની જરૂરી વૃદ્ધિ અને ખાસ કરીને શુદ્ધિ કરવી એ આપણું કર્તવ્ય છે. આ વૃદ્ધિ અને શુદ્ધિ સત્ય, પ્રામાણિકતા, નિઃસ્વાર્થતા, ઉદારતા; દયા, ક્ષમા, પ્રેમ, સંયમ, પુરુષાર્થ વગેરે સદ્ગુણોથી થાય છે. આ સદ્ગુણોથી જ વ્યકિત અને સમાજની શુદ્ધિ થઇ શકે. આ સદ્ગુણોથી જ જગતમાં સમભાવ પેદા થઇ તેનો વિકાસ થતો જાય છે. આ સમભાવથી આપણી અને જગતની એકતા સધાય છે. પછી આપણો અને જગતનો સ્વાર્થ જુદો જુદો રહેતો નથી આ સ્થિતિએ પહોંચવા માટે જે આચરણ કરવું પડે તે 'ધર્મ'. આ ધર્મથી જ માનવજીવન સાર્થક થાય છે. માનવ જીવનની પૂર્ણતા આમાં જ છે.

### સાધના અને અનુભવ

ઇશ્વર સાક્ષાત દર્શન આપીને આપણને જ્ઞાન, બળ અને સામર્થ્ય આપે છે એ શ્રદ્ધાથી હું પ્રથમ તેના દર્શન પાછળ પડયો. શ્રદ્ધા, સતત ચિંતન, ધ્યાન, અનુસંધાન, એકાગ્રતા અને બીજાં સાધનોને લીધે દર્શનના જેવા અનેક અનુભવો મને થયા. પણ તે આપણી જ કલ્પનાથી નિર્માણ કરેલા થોડા વખત પૂરતા અર્ધજાગ્રત અવસ્થાના આભાસો માત્ર છે, એવું તે અનુભવોને વિવેક દૃષ્ટિથી બધી બાજુએથી તપાસતાં મને જણાયુ. તે બધા અનુભવોને રંગ, રૂપ, મેં જ આપેલાં હોવાથી તે બધાનો કર્તા હું જ છું એ મારા ધ્યાનમાં આવ્યું. તે જ પ્રમાણે આત્મા અને બ્રહ્માનો સાક્ષાત્કાર, દર્શન, અદ્વૈતાનુભવ વગેરે બાબતમાં પણ પ્રયત્ન કર્યા પછી તેમાં પણ ભ્રમ કયો, અને સત્ય શું, એનો મને બોધ થયો. ઇશ્વર, આત્મા બ્રહ્મ એ તત્ત્વો જુદાં જુદાં નથી; પરંતું એક જ મહાન વ્યાપક તત્ત્વને આપણે આપેલા જદા જુદા સંકેત છે. એ તત્ત્વ દેખાય તેવું નથી, ભાસે તેવું નથી. અને તે જ આપણા બધાનો આધાર છે, એ વાત તત્ત્વજ્ઞાનના અભ્યાસથી અને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના નિરીક્ષણથી મારા ધ્યાનમાં આવી અને વિવેક અને નિશ્ચયથી એ વિચાર પર હું દૃઢ થઇ શકયો. અનંત વિશ્વના વ્યપારમાં, તેમજ આપણાં શરીર, બુદ્ધિ અને મનના દરેક કર્મમાં તે જ મહાન તત્ત્વ–તે જ શકિત–પ્રેરણા આપીને કામ કરે છે; તેનાં કાર્ય દેખાઇ આવે છે, પણ તે શકિત પોતે સ્વતંત્રપણે અલગ દેખાવી શકય નથી; આપણે પોતે તે જ શકિત છીએ તેથી આપણું જ આપણને દર્શન

થાય એ સંભવિત નથી; એ પણ મને સમજાયું. ધ્યાનધારણાના અભ્યાસથી ચિત્તની એક પછી એક ભૂમિકા સાધતાં છેવટે તેનો લય પણ સાધી શકાય છે; તેમજ ઇશ્વર વિષેની ભાવનામાં ને ચિંતનમાં ચિત્તને તદ્રુપ કરી શકાય છે એ પણ મને સમજાયું. પરંતુ ઉપર દર્શાવેલી કોઇ પણ ભૂમિકા કે અવસ્થા પ્રાપ્ત કરવાથી અથવા બધી ભૂમિકાઓ અને અવસ્થાઓ સિદ્ધ કરવાથી પણ માનવીનું કર્તવ્ય પૂરું થતું નથી એમ લાગવાથી તે અનુભવો પૈકી એકેથી મારું સમાધાન થયુ નહીં કે મને ધન્યતા લાગી નહીં. ચિત્તની શુદ્ધિ અને ગુણોની વૃદ્ધિ આ બે જ મહત્ત્વનાં છે.

—શ્રી નાથજી

## પ્રેમ અને સૌંદર્ય

અને એક દિવસે અચાનક ટૉલ્સ્ટૉયે મને પેલો સવાલ પૂછી જ લીધો જે માટે હું સદૈવ ભયભીત રહેતો: 'ગોર્કી, તમે ભગવાનના અસ્તિત્વમાં આસ્થા કેમ રાખતા નથી?'

'આસ્થા કેમ રાખું? મારું હૃદય નથી માનતું, લિયો.'

તદ્દન જૂઠું, તમે આસ્તિક સિવાય બીજું કશું હોઈ શકો જ નહિ. તમારો સ્વભાવ જ એવો છે. ભગવાન વિના તમારી પ્રવૃત્તિમાં ચેતના જ પેદા થઇ શકે નહિ તો! નાસ્તિક રહેવાની તો તમારી જીદ છે—આ દુનિયાનો નકશો તમારી કલ્પના પ્રમાણેનો બનાવવા તમે ચાહો છો, પણ એ તમારી કલ્પના અનુસાર કેવી રીતે થઈ શકે? તમારી ઇચ્છા એ જ આ દુનિયાની એકમાત્ર ઇચ્છા નથી-બીજાઓ પણ છે ને? જ્યાં હું સમજ્યો છું, તમે એક એવા માણસ છો, જે આ સંસારની અનેક ચીજોને ચાહો છો—પ્રેમ કરો છો, અને પ્રેમનું બીજું નામ છે આસ્થા અથવા આસ્તિકતા. પ્રેમ સંકીર્ણ હોય છે અને આસ્તિકતા વિસ્તૃત. તમે તમારા પ્રેમમાં થોડી સ્થિરતા ઉમેરો. પછી તમારો પ્રેમ આપોઆપ આસ્તિકતામાં વ્યકત થઇ ઊઠશે. પ્રેમનું સર્વોચ્ચ રૂપ જ આસ્થા છે.

'જે લોકો ભગવાનમાં આસ્થા નથી રાખતા, તેઓ ક્યારેય પણ અને ક્યાંય પણ પ્રેમ કરી શકતા નથી. તેમના પ્રેમમાં સ્થિરતાનો આનંદ આવી શકતો નથી—સ્થિરતા અથવા એકાગ્રતા જ પ્રેમનો આનંદ છે. હું જાણું છું કે તમે સૌંદર્યના પ્રેમી છો. પરંતુ આખરે સૌંદર્ય એ શી વસ્તુ છે? સૌથી પૂર્ણ સૌંદર્ય તો ઈશ્વરનું જ છે ને!

'બોલો, ગોર્કી, શું જવાબ દો છો તમે?' જાદુગરની પરમ-મોહિનીવાળી વાણીમાં તેઓ પૂછવા લાગ્યા.

હું શો જવાબ આપું? મૌનઃ એમના પ્રદીપ્ત નેત્રોને અપલક જોઇ જ રહ્યો હતો અને અંતર્મન કહી રહ્યો હતો—આ વ્યકિત માણસ નથી, ઇશ્વર-જેવી જ લાગે છે!

[મેકિસમ ગોર્કીની ડાયરીનું એક પાનું]

## જન્મ-મરણ

જન્મ અને મરણ કદાચ એક જ સિક્કાની બે બાજુઓ નથી? એક તરફ જુઓ તો મરણ અને બીજી તરફ જુઓ તો જન્મ. તેમાં દુઃખ શા માટે હરખ શા માટે?

જન્મમરણની વાત સાચી હોય ને સાચી છે, તો મૃત્યુથી આપણે શા માટે જરાયે ડરીએ, દુઃખી થઇએ કે જન્મથી ખુશી થઇએ? દરેક માણસ પોતાની જાતને આ સવાલ પૂછે.

જગત દ્વંદ્વોથી ભરેલુ છે. સુખની પાછળ દુઃખ અને દુઃખની પાછળ સુખ રહેલું છે. તડકો છે તો છાંયડો પણ છે, પ્રકાશ છે તો અંધારુ પણ છે, જન્મ છે તો મૃત્યુ પણ છે. દ્વંદ્વોથી દૂર રહેવું તે અનાસકિત! દ્વંદ્વોને જીતવાનો ઉપાય તેમનો નાશ કરવો એ નથી. પણ દ્વંદ્વાતીત, અનાસકત થવું એ છે.

—ગાંધીજી

# જિપુણિ કુબેરન ચેટ્ટિયાર

ચક્રવર્તી રાજગોપાલાચારી

એનું નામ હતું કુબેરન ચેટ્ટિયાર. ચોખાના ભારે મોટા વેપારી. હર્યું ભર્યું ઘર. ભારોભાર ધાર્મિક જીવન. પણ હતાં પાક્કા કંજૂસ. મુશ્કેલીમાં સગા ભાઇને પણ દોકડો ન દે! ગામના ભિખારી-ઓએ પણ એનો ઉંબરો તજ્યો હતો. હા, એનો છોકરો જરા ખર્ચાળ હતો ખરો. પણ એટલે તો એણે પોતાના દીકરાને વેપારમાય ન રહેવા દીધો અને ઘરમાંય ન સંઘર્યો.

પોતે ખૂબ ચાલાક ને જાણતલ વેપારી. એક રૂપિયાનો માલ ચૌદ આને કેમ ખરીદવો અને તેનો તે જ માલ પાછો વીસ આને કેમ વેચવો એની એને મોટી ફાવટ.

*

આમને આમ એના ત્રીસ વરસ વીતી ગયા. એમાં એક દિવસે અચાનક જ એની ગરદન ઉપર સોજો આવ્યો. સોજો તો દિવસે દિવસે માંડયો સૂણવા. સોજો વધ્યો ને ખતરનાક સ્થિતિએ પહોંચ્યો. કંક શેક કર્યા અને બીજી ય ઘરગથ્થુ દવાઓ અજમાવી પણ કારી નફાવી. આખરે ડૉકટર વૈદ્યનાથ અય્યરને તેડયા.

ડૉક્ટર વૈદ્યનાથ આવ્યા. એમની સાથે એમના મદદનીશ ડૉ. રામલિંગમ્‌ને પણ સાથે લેતા આવ્યા. ચેટ્ટિયારે જ્યારે બે ડૉક્ટરને જોયા ત્યારે ખૂબ ગભરાઈ ગયા. પોતાની દીકરીને બોલાવીને પૂછયું: 'છોડી. આ બે ડૉકટરોને કેમ બોલાવ્યા?' એની છોકરી-બિચારી બાળ વિધવા હતી, અને બાપને ઘેર રહીને જ ઘરખટલાનું ધ્યાન રાખતી. આ કારણે જમાઇરાજનો વારસો ય તે ચેટ્ટિયારના હાથમાં આવી ગયો હતો! દીકરીએ સમજાવ્યું કે આ ડૉકટરને ખાસ તેડાવ્યા નથી. મોટા ડૉકટરના મદદનીશ છે, ત્યારે એને થોડી નિરાંત થઇ.

ડૉ. વૈદ્યનાથ અય્યરે સોજો જોયો-તપાસ્યો અને ચકાસ્યો. પછી નિદાન કરતાં કહ્યું: 'આ દરદમાં બીજી-ત્રીજી દવાઓથી કશો જ ફાયદો થશે નહિ. આનું તો ઓપરેશન કરવું પડે તેમ છે.'

'તે, તમારું કહેવું એમ છે કે તમે એના પર ચાકુ ચલાવવા માગો છો?' ચેટ્ટિયારે ડૉકટરને પૂછયું?

'હા, પણ ઓપરેશન હું નહિ કરી શકું. મારા મદદનીશ હાલ જ અમેરિકાથી આવ્યા છે. બાહોશ છે. એ બધું જ ઠીકઠાક કરી આપશે.'

'ઠીક છે, મારી દીકરી સાથે વાત કરી જુઓ.' ચેટ્ટિયારે ડૉકટરને કહ્યું.

નકકી કરવામાં આવ્યું કે કાલે ઓપરેશન કરવું અને કલોરોફોર્મ પણ આપવું.

એ દિવસે રાત્રે કુબેરન ચેટ્ટિયારનો દીકરો સુબ્બૈયા ચેટ્ટિયાર ડૉ. રામલિંગમ્‌ને ઘેર ગયો અને ડૉકટર આવતાં સુધી લગભગ એક કલાક સુધી રાહ જોતો રહ્યો. જ્યારે ડૉકટર આવ્યા ત્યારે તેણે તેમને પોતાની અમુક બીમારીની વાત કરી અને એક ઇંજેકશન પણ લીધું. પછી, ડૉકટરને કહ્યું: ડૉકટર સાહેબ, મારે આપની સાથે એક ખાસ જરૂરી વાત કરવી છે.' પછી તો તેઓ બન્ને એક બંધ ઓરડામાં પા કલાક સુધી વાતો કરતા રહ્યા.

ગભરાવાની કોઈ જરૂર નથી. ચેટ્ટિયર સાહેબની ઉંમર જરૂર મોટી છે, પણ તેની કાંઇ ચિંતા કરવાને અવકાશ નથી જ. ડરવાની જરૂર જ નથી. બધું જ બરાબર થઇ જશે.' ડૉ. રામલિંગમે કહ્યું

'પૈસાની બાબતમાં તો બેફિકર જ રહેજો. એમની કંજૂસાઇ ધ્યાનમાં લેશો નહિ. હું અને

મારી બહેન આપની ફીની પાઇએ પાઈ ચૂકવી દઈશું. બસ, બાપુજીને આ વાતની ખબર ન પડવી જોઇએ.' સુબ્બૈયા ચેટ્ટિયારે કહ્યું.

'અમેરિકામાં આ કંજૂસી માટે એક દવા શોધવામાં આવી છે. અહીં તો કોઇને ય તેની ખબર નથી. ખોપરીને સહેજ અમથી ખોલીને એક ગુપ્ત કામ કરી લેવાનું હોય છે. જો આપની ઇચ્છા હોય તો હું તે માટે કોશિશ કરું.' ડૉ. રામલિંગમે પૂછ્યું.

'હું માનતો નથી કે આવો કોઇ ઇલાજ હોઈ શકે....' સુબ્બૈયાએ શંકા પ્રગટ કરી.

'શું માણસનો પૂરો સ્વભાવ પણ બદલી શકાય છે ખરો ?'

સુબ્બૈયા ફરી બોલ્યો: 'અગર આ ગુપ્ત ઇલાજ સફળ થયો તો....'

એમાં આપ શંકા શેની કરો છો? સફળ તો થવાનું જ.' ડૉકટર રામલિંગમ્ બોલ્યા.

'તો પછી હું આપને એક હજાર રૂપિયા ઈનામ દઇશ.' સુબ્બૈયાએ કહ્યું.

*

ઓપરેશન થઈ ગયું. સુબ્બૈયા અને ડૉ. બીજે દિવસે મળ્યા.

'કામ પતી ગયું છે. પરિવર્તન આપને થોડા વખતમાં જ માલૂમ પડશે.' ડૉકટર રામલિંગમે કહ્યું. કુબેરન ચેટ્ટિયારને લગભગ એક મહિના સુધી પથારીમાં જ આરામ કરવાનો હતો.

જ્યારે કુબેરન ચેટ્ટિયારને એની દીકરીએ આ વાત કરી ત્યારે એની આંખમાંથી આંસુ ઢળી પડ્યાં. 'મેં મારી જિંદગી બરબાદ કરી નાખી, દીકરી, તું મારા વતી તિરુપતિમાં બાલાજી શ્રી વેંકટેશની પૂજા કરી આવ.'

જ્યારે એની તબિયત સુધરી ગઇ ત્યારે એણે પોતાના પુત્રને બોલાવ્યો અને તેને કહ્યું: 'દીકરા, અહીં આવ. હવે તારે અલગ રહેવાની કાંઈ પણ જરૂર નથી. મેં અગાઉ ગુસ્સામાં આવીને તને અળગો કરી દીધો હતો.'

ભિખારીઓ ય બધા અચરજ પામી ગયા હતા. તેઓ અરસપરસમાં વાતો કરતાં: 'માંદગીમાં જ ચેટ્ટિયારને જ્ઞાન પ્રાપ્ત થઇ ગયું છે.' દરેક શનિવારે હવે તેને ત્યાં ભિખારીઓની ભીડ જામતી અને તેઓ ખુશખુશાલ ઘેર પાછા વળતા.

ચેટ્ટિયારના ગરીબ સગાં-વહાલાંઓને ય ખૂબ આશ્ચર્ય થયું. 'ભાઇ, આવી અજાયબી તો મેં આજ સુધી જોઇ નથી–કે નથી સાંભળી. આખે આખો માણસ જ બદલાઇ ગયો !'

કુબેરન ધર્માદા નિશાળ, કુબેરન ચેટ્ટિયાર પ્રસૂતિ ગૃહ, કુબેરન નર્સિંગ હોમ, કુબેરન ચેટ્ટિયાર ધર્મશાળા–માંદગી બાદ એક પછી એક આ સંસ્થાઓ એણે ઊભી કરી....

શહેર આખું આ વાતની જ ચર્ચા કરતું. પણ સાથેસાથ એક બીજું પરિવર્તન પણ થતું રહ્યું હતું. એનો દીકરો સુબ્બૈયા ચેટ્ટિયાર કંજૂસ બનતો જતો હતો.

'આમને આમ સઘળી મિલ્કત ઉડાવી દેશે તો પછી આપણે શું કરીશું !' ભાઇ-બહેન મોટેભાગે આ વાત જ કર્યા કરતાં કોઇ કોઇ વાર તો ભાઈ–બહેન જઇને બાપુજીને એમના આ ઉડાઉપણું બંધ કરવા સમજાવતાં, લડતાં ભગવાનની માયા ભારે વિચિત્ર હતી !

રામ જાણે, ભગવાનની કૃપાથી કે ડૉ. રામલિંગમના ઓપરેશનથી, કુબેરન ચેટ્ટિયાર બદલી જરૂર ગયો હતો પણ તેના નામની આગળ પહેલાં જે 'જિપુણિ' (કંજૂસ) શબ્દ કોઈક કજાક સજ્જને જોડી દીધો હતો તે તો કુબેરન ચેટ્ટિયારની સાથે જ જોડાયેલો રહ્યો. આટલું બધું દાન–પુણ્ય કે આટ–આટલા ધર્માદા–ખર્ચ છતાં ય 'જિપુણિ'નો ઇલકાબમાંથી તેનો છૂટકારો ન જ થયો !

# વૃત્તિ અને વિકાસ

મિજાજ ગયો, ઝગડો થયો. પાડોશમાં બૂમાબૂમ સંભળાઇ. પછી સમાધાન થતાં: 'હું લાચાર છું, મારો સ્વભાવ જ એવો છે, એ મને પોતાને જ પસંદ નથી, પણ એમાં હું શું કરું?'

તમારો સ્વભાવ તમે પસંદ કર્યો નથી એ વાત સાચી તમારું શરીર, તમારી બુધ્ધિ અને કલ્પનાશકિત તમને વારસામાં મળ્યાં છે. ઉપરાંત, ઘર, શાળા, કૉલેજ સમાજ અને તમારી આસપાસના વાતાવરણની અસર તમારા ઉપર સારા પ્રમાણમાં પડી છે.

કલાકારના હાથમાં કાચો માલ મૂકવામાં આવ્યો છે. પરંતુ હવે એ કાચો માલ લઇને કલાકૃતિનું સર્જન કરવું એ કલાકારનું કામ છે.

શરીર, બુધ્ધિ, મિજાજ....એ વ્યકિતત્વનો કાચો માલ. હવે એમાંથી વ્યકિતત્વ ઘડવું એ તમારું કામ. હા, એમાં મર્યાદા તો છે જ. પહેલવાનનું શરીર સુદૃઢ ન હોય તો કુસ્તીના પ્રયોગોમાં બહુ સફળતા મળવાનો સંભવ નથી. પણ તમારી ભાવના ને તમારો આદર્શ એ તમારાં શરીર ને બુધ્ધિ પાસેથી ધાર્યા કરતાં અનેક ગણું કામ લઇ શકે છે. કેવી રીતે?

માણસનું વર્તન એ પોતાની વૃત્તિઓનું સમાધાન કરવાનો, પોતાની ઇચ્છા સંતોષવાનો એક પ્રયત્ન છેઃ ભૂખ લાગી એટલે મોંમાં કોળિયો મૂકયો, કુતૂહલ જાગ્યું એટલે જોવા દોડયો, એકલતા ખૂંચી એટલે મિત્રોનો સાથ શોધ્યો. આવી વૃત્તિઓ દરેક માણસમાં હોય છે. અને દરેક માણસ તે સંતોષવા પ્રયત્ન કરે છે. પણ ફેર છે એ પ્રયત્ન કરવાની રીતમાં જ. જંગલવાસી માનવી કોઇ પ્રાણી મારીને સીધુ જ તે ભરખી જશે. સંસ્કારી માણસ ડૉકટરની સલાહથી ભિન્ન ભિન્ન પોષણ-તત્ત્વવાળી વાનગીઓ બનાવીને ભોજન કરશે. આમ, એક જ વૃત્તિનાં બે પાસાં છે અને એમાંથી બે વર્તન અને બે વ્યક્તિત્વ ઊપસે છે. માટે સૌથી પ્રથમ એવી મૂળ વૃત્તિઓ ને જરૂરતો કેવી છે, એનો સ્પષ્ટ ખ્યાલ આપણને હોવો જોઇએ. તેને ટૂંકમાં અવલોકીએ.

**શારીરિક વૃત્તિઓ :** ભૂખ અને તરસ, નિદ્રા અને આરામ, હવા અને કસરત, તડકા ઠંડીથી રક્ષણ....એ તંદુરસ્ત શરીરનું અંદાજ પત્ર છે. એમાં કરકસર ન કરો. દેહ એ વ્યકિતત્વનું સૌથી મહત્ત્વનું અંગ નથી, પણ એક અંગ તો છે જ. જેમ શરીરની પૂજા ખોટી છે તેમ તેની ઉપેક્ષા પણ ખોટી છે.

"કુદરત આ બાબતમાં કેવી છે એ ખબર છે? લગભગ પઠાણના જેવી. આપેલું વસૂલ કરવામાં વાર લગાડે છે, પણ હિસાબ રાખવાનું ભૂલતી નથી. જ્યારે યુવાનીમાં શરીરની અનેક રીતે ઉપેક્ષા કરીએ છીએ, તેના ઉપર ખોટા ભાર લાદીએ છીએ, ત્યારે કુદરત હસતે મોઢે ધીર્યા કરે છે, આપણને ખબર પડવા દેતી નથી કે એક દહાડો એ આપવાનું બંધ કરીને વસૂલ કરવાનું શરૂ કરવાની છે. આખરે પઠાણની જેમ લાઠી લઇને ઠકઠક કરતી જ્યારે બારણા ઉપર ટકોરા મારવા માંડે છે, ત્યારે અચાનક આપણને ખબર પડે છે કે વ્યાજ મુદ્દલ કરતાં પણ વધી ગયું.

**માનસિક વૃત્તિઓ :** તમારું મન અનેક પ્રશ્ન પૂછી રહ્યું છે. આ જીવન ક્યાંથી? ક્યાં? શા માટે? દુનિયા વિષે, બીજા માણસો વિષે, દેશ–પરદેશ વિષે, વિજ્ઞાન વિષે અને ઇતિહાસ વિષે વધારે ને વધારે જાણવાની તમારામાં ઇન્તેજારી છે. પ્રશ્ન ઊઠે–મનને 'તરસ' લાગે એટલે એનો જવાબ મેળવ્યા વગર, તરસ છિપાવ્યા વગર જંપ નહિ વળે. અને બુદ્ધિનો તાગ કોણ કાઢી શકે? જેમ એ વધારે જાણે તેમ વધુ ને વધુ જાણવા માગે છે. આ પ્રકારના સ્પષ્ટ ખ્યાલો–પોતા વિષેના, દુનિયા વિષેના, સાધ્ય સાધન વિષેના–એ દૃઢ વ્યક્તિત્વનો પાયો છે. અને મહાન નેતાઓનું એક આવશ્યક લક્ષણ નક્કી હોય તો જ આગળ દોડી શકાય ને!

**સામાજિક વૃત્તિઓ** : 'સમાજમાં મારું સ્થાન છે; મારું જીવન ઉપયોગી, સલામત અને સ્વતંત્ર છે' એમ વિશ્વાસપૂર્વક કહેવાનો અધિકાર પ્રાપ્ત કરવા માણસ ઝંખે છે. ઓશિયાળું જીવન, અનિશ્ચિત જીવન, પરાધિન જીવન, નિષ્ફળ જીવન કોને, ગમે ! પરીક્ષામાં નંબર લાવવા રાત-દિવસ એક કરીને વાંચતો વિદ્યાર્થી, રમતગમતમાં ચંદ્રક મેળવવા રોજ કલાકો સુધી તાલીમ લેતો ખેલાડી, નોકરીમાં આગળ જવાની આશાએ વગર પગારે વધારાનો સમય કામ કરતો કારકુન....એ આ ઝંખનાના દાખલા છે. અને માણસને સમાજમાં ધકેલી મૂકનાર સૌથી પ્રબળ વૃત્તિ તો પ્રેમની જ છે. પ્રેમ કરવો અને પામવો એ માનવમાત્રની એક અદમ્ય વૃત્તિ છે, એ એક જ વૃત્તિને જુદી જુદી રીતે સંતોષવા જતાં કેવાં જુદાં જુદાં પરિણામો આવે છે તેનો એ સૌથી સ્પષ્ટ દાખલો પણ પૂરો પાડે છે. પ્રેમના પ્રતાપે માનવજાતના ઇતિહાસનાં સૌથી ઉજ્જવળ પાનાં લખાયાં છે; અને પ્રેમને નામે સૌથી મલિન વ્યવહાર પણ દુનિયામાં ચાલ્યો છે. બાપ-દીકરા, મિત્ર-મિત્ર, પતિ-પત્ની એ ત્રણે સંબંધો સફળ બનાવવામાં વ્યકિતત્વની ખરી કસોટી હોય છે.

**આધ્યાત્મિક વૃત્તિઓ** : માનવજીવનના અમુક પ્રશ્નો એવા છે કે ફક્ત બુદ્ધિથી ઉકેલાતા નથી જીવનનો અર્થ, દુઃખનો પ્રશ્ન, મરણની સમસ્યા, ત્યાગવૃત્તિ, વગેરે પ્રશ્નો એવા છે. ખરેખર સંપૂર્ણ વિશ્વદર્શન મેળવવા અને જીવનમાં ગમે તેવા પ્રતિકૂળ સંજોગો વચ્ચે પણ આગળ જવાની હિંમત બાંધવા આધ્યાત્મિક શ્રદ્ધા આવશ્યક છે. આપણા હૃદયમાં એવી ભાવના ઘર કરી બેઠી છે કે આ દુનિયાની પાછળ એક મંગળ શકિત છે: તેના વિશ્વાસમાં આપણી ખરી સલામતી છે, તેના હાથે આપણો ન્યાય તોળાવાનો છે, તેની પ્રેરણાથી ગમે તે ભોગ આપવા આપણે તૈયાર થઇએ છીએ. સમતોલ વ્યકિતત્વમાં આ સહજ વૃત્તિનો સમાવેશ ને તેનો વિવેકપૂર્વકનો સંતોષ પણ થવો જોઇએ.

આમ, માનવીની જરૂરિયાતો ઓછી નથી. શરીર, મન અને હૃદય, દરેક પોતપોતાનો હિસ્સો માગે છે અને કોઇ વખત એવી જુદી જુદી વૃત્તિઓ પરસ્પર વિરોધી પણ બને છે. મનની વિરુદ્ધ શરીર કે બુદ્ધિની વિરુદ્ધ લાગણી શું બળવો નથી પોકારતાં ? માટે એ બધી વૃત્તિઓનુ સંકલન કરીને દરેકનો યોગ્ય વિકાસ સાધવાની જરૂર છે. એ કામ વ્યકિતનુ જ છે, અને એ કામ કરીકરીને એ 'વ્યકિત' જ થાય છે. જેમ વૃત્તિની અસર વ્યકિતત્વ ઉપર પડે છે તેમ વ્યકિતત્વનું વર્ચસ્વ વૃત્તિઓ ઉપર રહેવું જોઇએ.

જાણવાનું કુતૂહલ સંતોષવા તમે હલકાં સામાયિકો વાંચી શકો કે શિષ્ટ ગ્રંથોનો અભ્યાસ કરી શકો. મૂળ વૃત્તિ એની એ જ હતી, પણ પરિણામ કેવાં જુદાં જુદાં આવશે ?

સફળતા મેળવવાની વૃત્તિ પણ દરેક માણસમાં હોય જ છે. પણ કેટલાકને એ તનતોડ મહેનત કરવા પ્રેરે છે જ્યારે કેટલાકને વાસ્તવિક જીવનમાં હાર ખાઇને દિવાસ્વપ્નોની ખોટી સૃષ્ટિમાં આશરો લેવા સૂચવે છે.

આધ્યાત્મિક વૃત્તિ પણ દરેકમાં છે પણ કેટલાકમાં એ અંધશ્રદ્ધા અને વહેમનું વિકૃત સ્વરૂપ લે છે, જ્યારે બીજાઓમાં એ બુદ્ધિપૂર્વકની ભકિતનું ઉત્કૃષ્ઠ સ્વરૂપ ધારણ કરે છે.

એ વૃત્તિઓ-એ જરૂરિયાતો લઇને તમારે તમારું વ્યકિતત્વ ઘડવાનું છે. એમાંની એકેયની ઉપેક્ષા ન કરો, હાથમાંથી જવા ન દો.

સ્થપતિ યોજના આલેખે છે.
અર્થશાસ્રી અંદાજપત્ર કાઢે છે.
મુસાફર નકશો દોરે છે.

તમારું મકાન, તમારો વેપાર, તમારીયાત્રા-હા, તમારું વ્યકિતત્વ-શું એ આટલી તૈયારી પણ નહિ માગે ?

## સમાચાર સાર

ચંદારામ ગર્લ્સ હાઈસ્કૂલ એ મુંબઈમાં એક સંસ્કારની પરબ સમી કેળવણીની વિશાળ જાણીતી સંસ્થા છે. પૂજ્યગુરુદેવશ્રી ૧૨–૮–૬૬ ના રોજ મધ્યાને આ શાળામાં પ્રવચન આપવા પધાર્યા હતા. પૂજ્યશ્રીના આગમન પહેલા જ શાળાનો વિશાળ સભાખંડ કન્યાઓથી ભરાઇ ગયો હતો. "માનવનાં મન, વચન અને કાયાને સત્યના સંવાદમાં લાવે તેનું નામ કેળવણી"–આ ધ્વનિ પર એક કલાક પ્રવચન ચાલ્યું. મંત્રમુગ્ધ થઇ વિદ્યાર્થિનીઓએ આ જ્ઞાનધારાનું પાન કર્યું. ઊગતા જીવનના બગીચામાં આ પ્રવચન નિર્મળ નીર સમું હતું. આથી વાતાવરણ ખૂબ જ ભાવનામય બન્યું હતું. પ્રવચનના અંતે મુખ્ય કેળવણી અધિકારીએ પૂજ્યશ્રીને વિનંતિ કરી કે ફરી આવો જ્ઞાનનો લાભ બાળાઓને આપે....

## ધર્મ સમભાવ

મૈત્રી અને સમભાવનાં મોજાં માણસના મનમાં જન્મે છે પણ એ દૂર દૂર સુધી પહોંચ્યા વિના રહેતાં નથી. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું સૌને સ્પર્શી રહ્યું છે. અને તેથી જ જૈન અને જૈનેતર સૌના દિલમાં જૈનધર્મ પ્રત્યે બહુમાન અને આદર વધતાં જાય છે. નરનારાયણ મંદિરનાં અધિષ્ઠાત્રી પાર્વતીબેન અને લક્ષ્મીબેનના નેતૃત્વમાં એક સો ને એંશી ભાગવત પારાયણનો ભવ્ય કાર્યક્રમ ૧૮૦ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા લાડની વાડીમાં પાંચ દિવસથી ચાલી રહ્યો છે. આ પ્રસંગે પૂજ્યશ્રીની વાણી સાંભળવા માટે બાળ બ્રહ્મચારિણી લક્ષ્મીબેને પૂજ્યશ્રીને તા. ૧૨–૮–૬૬ ના સવારે ૯॥ થી ૧૦॥ માં નિમંત્ર્યા હતા. એક કલાક સુધી "સ્વ અને પર" આ વિષય પર વિદ્વત્તાપૂર્ણ વક્તવ્ય સાંભળી એક સો એંશી વિદ્વાન બ્રાહ્મણો સહિત પાર્વતીબેન ને એ વિરાટ સભાએ પૂજ્યશ્રીને ફરી એક વધુ દિવસ આ સભામાં લાભ આપવા આગ્રહભરી વિનંતિ કરતાં તા. ૧૪–૮–૬૬ ના બપોરે પુનઃ પ્રવચન રાખવામાં આવ્યું....

# ભાવના અને ભક્તિ

"દુઃખ આવે છે પાંખો પર પવનવેગે અને જાય છે પગની મંદ ગતિએ–આ કહેવત સુખના પ્રકાશમાં જ દિવસો વિતાવતા સજ્જનોને સાંભરે ખરી ? અત્યારે સાધર્મિકોની શું સ્થિતિ છે! મધ્યમવર્ગમાં પ્રવર્તી રહેલી મોંઘવારી આ વર્ગનાં ચામડાં તો ઠીક, પણ હવે તો હાડકાં પણ શોષવા બેઠી છે. આવા કપરા સમયમાં સાધર્મિકોની ભક્તિ કરવી એ કેવો ઊંચો ધર્મ છે? ગૃહસ્થાશ્રમીઓની ભીષણ વેદના ત્રણ ટંક જેને સુખેથી ખાવા મળે છે એવા સુખી વર્ગને કદાચ ખ્યાલ બહાર હોય તોય આ એક માનવતાનો પ્રશ્ન છે. એના સામે આંખમિચામણાં કરે નહિ ચાલે. આખર તો આ વર્ગ જ સમાજ રૂપ મકાનનો પાયો છે. એ નબળો થતાં સમાજ કેમ સ્વસ્થ રહી શકશે ?

સમાજનું આ દર્દ આપણા હૃદયમાં તો જ સંક્રાન્ત થાય જો આપણાં હૃદય શુદ્ધ અરિસા જેવાં ચોખ્ખાં હોય. આવા વિકટ અને વિષમ સમયે તમારું ધન તમારા જ સાધર્મિકોના ઉપયોગમાં ન આવે તો એ શું કામનું? જરા સહૃદયતાથી વિચારો અને કર્તવ્ય ન ચૂકો......"

ઉપરના શબ્દોમાં પૂ. મુનિશ્રી ચિત્રભાનુએ રવિવાર તારીખ ૨૪–૭–૬૬ ના રોજ કોટ શાન્તિનાથજીના ઉપાશ્રયે મળેલી માનવ મેદની વચ્ચે ઉચ્ચાર્યા અને આજની વધતી જતી કરુણાતાનું હૃદય દ્રાવક વર્ણન કર્યું, આ સાંભળી શાન્તિનાથજીના ટ્રસ્ટીઓએ તરત જ ફાળો શરૂ કર્યો. અને તે જ સમયે કોઇનાય દબાણ વિના રકમો ભરાતી ગઇ. જેટલી મિનિટ ફાળો ચાલ્યો એટલી જ રકમ અઢાર હજારની ભરાઇ ગઇ..........

આની વ્યવસ્થા સંઘના પ્રમુખ અને મંત્રીની બનેલી કમીટી કરે છે. ભાડા–ચીઠ્ઠી અને રેશનકાર્ડ લાવનારને ૨૫ રૂપિયાનો સામાન દર મહિને ગુપ્ત રીતે મળ્યા કરશે.

૧૦૦ કુટુમ્બની સાધર્મિક ભક્તિ તો શરૂ પણ થઇ ગઇ છે. હજુ નામો ભરાતાં જાય છે.

જે ભાઇ બહેનોએ સાધર્મિકના આ ગૌરવ ભર્યા નાના–શા કાર્યમાં ફાળો ભર્યો છે તેમને અમારા અંતઃકરણ પૂર્વકનાં અભિનન્દન છે. — તંત્રી

# ભાવવાહી ગીતોની રેકૉર્ડ

પૂજ્ય મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીના પ્રવચનના પ્રારંભમાં પ્રાર્થના રૂપે ગવાતું **"મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું"** નામે જાણીતું જીવનનું સત્ત્વગીત જાણીતા કલાકારોએ પોતાના મધુર કંઠમાં રેકૉર્ડમાં ઉતાર્યું છે. એની બીજી બાજુ રાષ્ટ્ર કવિશ્રી રમેશ ગુપ્તાનું નવકારનો મહિમા ગાતું અરિહંતનમોનું ભાવવાહી ગીત છે. લોકોના લાભાર્થે આ રેકૉર્ડની કિંમત માત્ર ત્રણ રૂપિયા છે, પ્રભાતના વાતાવરણને સંસ્કારથી ગુંજન કરતાં આ બન્ને ગીતોના શબ્દો આ પ્રમાણે છે.

## —: મંગળ પ્રાર્થના :—

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે.
ગુણથી ભરેલા, ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણ કમલમાં મુજ જીવનનું અર્ધ્ય રહે.
દીન, ક્રૂર ને ધર્મ-વિહોણાં દેખી દિલમાં દર્દ રહે,
કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે.
માર્ગ ભૂલેલા જીવન-પથિકને માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની તોયે સમતા ચિત્ત ધરું.
ચન્દ્રપ્રભની ધર્મ-ભાવના હૈયે સૌ માનવ લાવે,
વેર-ઝેરનાં પાપ તજીને મંગલ ગીતો એ ગાવે.

## અરિહંત નમો........

આત્મ શકિતની માનવ મનમાં દિવ્ય જ્યોત પ્રગટાવી
કામ ક્રોધ ને અહંકારથી મુકિત સરળ બતાવી......
ઉપકાર અતિ ભગવંત તણો અરિહંત નમો, અરિહંત નમો......
મારા મનને એકજ મંત્ર ગમ્યો અરિહંત નમો, અરિહંત નમો......
ધર્મ નીતિ શ્રધ્ધા પ્રગટાવે અંધકારમાં માર્ગ બતાવે
મનની ચિંતા ટળે, દીપ ઝળહળે હ્રદયમાં જ્ઞાન તણો...અરિહંત......
મારા મનને એકજ મંત્ર ગમ્યો, અરિહંત નમો, અરિહંત નમો......
ઊઠતા બેસતાં, સૂતાં જાગતાં અંત સમય આ દેહ ત્યાગતાં,
કાનોમાં મધુસ્વર ગુંજન હો, અમર મંત્ર નવકાર તણો...અરિહંત

*A Truth is to be known always, To be uttered sometimes.*

સત્ય સદા સમજવાનું હોય છે, ઉચ્ચારવાનું તો કવચિત.

—જિબ્રાન


# શાપરીઆ

**બનાવનારા**

- બારજીસ
- લાઈફ બોટસ
- ટગ્ઝ
- ડ્રેજર્સ
- પેસેન્જર સ્ટીમર્સ
- પોન્ટુન્સ
- મુરીંગ બોયઝ
- બોયન્ટ એપરેટસ

વગેરે

**બનાવનારા**

- રોલીંગ શટર્સ
- ફાયર પ્રૂફ ડોર્સ
- શેડ રોલર્સ
- વ્હીલ બેરોઝ
- રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
- પેલ ફેન્સીંગ
- લેડ યુ લાઇટ (લેડ વુલ)
- મેગ્નેટીક સેપરેટર્સ

વગેરે

## શાપરીઆ ડૉક ઍન્ડ સ્ટીલ કું. પ્રા. લીમીટેડ.

શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેકટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ

" " શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઑફીસ અને શીપયાર્ડ
શીવરી ફ્રોર્ટ રોડ,
મુંબઇ નં. ૧૫ (ડી. ડી.)
ફોન નં. ૪૪૦૦૭૧/૭૨
ગ્રામ : "શાપરીઆ" શીવરી મુંબઈ.

એન્જીનીઅરીંગ વર્કર્સ અને ઑફીસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઇ નં. ૧૨ (ડી. ડી.)
ફોન નં. ૩૭૦૮૦૮
ગ્રામ : "શાપરીઆ" પરેલ મુંબઇ.

## ✽ રત્ન કણિકા ✽

મોડી રાતની ગાડીમાંથી ઊતરી મુસાફર જયપુરની એક ધર્મશાળામાં પહોંચ્યો. ધર્મશાળા બંધ થઈ ગઇ હતી.

મુસાફરે દરવાજો ખખડાવ્યો.

"ચોકીદારજી, દરવાજો ખોલો."

ચોકીદાર : કોણ છે ?

મુસાફર : એક મુસાફર.

ચોકીદાર : તમારું નામ શું છે !

મુસાફર : વિદ્યાવાચસ્પતિ સિદ્ધાંતશાસ્ત્રી વિદ્યાલંકાર પંડિત દુર્ગાશંકર તુલસીરામ શાસ્ત્રી.

ચોકીદાર : (અંદરથી રાડ પાડીને) એટલા બધા માણસો માટે અહીં જગા નથી.

મુસાફર : હું એકલો જ છું, એ મારું એકલાનું નામ છે.

ચોકીદાર (અંદરથી જ) : મને મૂરખ બનાવો મા. હું દરવાજો ખોલું એટલે તમે બધા ભેગા થઇને અંદર ઘૂસી જ જાઓ ના !

* * *

વારાણસીમાં ગંગાઘાટ પર એક વૃદ્ધ સ્નાન કરવા ઊતર્યા, પણ પગ સરકી ગયો અને ડૂબવા લાગ્યા. એક યુવક તરત અંદર કૂદી પડયો અને વૃદ્ધને બચાવી બહાર લાવ્યો. વૃધ્ધે કહ્યું: 'મારે લાયક કંઇ કામ હોય તો કલકત્તા આવજો, હું તમને મદદ કરીશ.' અને યુવકને પોતાનું સરનામું આપ્યું. કેટલાક મહિના બાદ યુવક પેલા વૃદ્ધને મળ્યો અને થોડીક કવિતાઓ તેમની સામે મૂકી બોલ્યો, 'આ કવિતાઓને આપના 'પ્રવાસી'માં છાપો તો સારું.

કવિતા વાંચી વૃધ્ધે કહ્યું, 'એક વાત કહું ?' યુવકે ઉત્તર આપ્યો 'કહો.' વૃધ્ધે કહ્યું, 'હું આ કવિતાઓ છાપી નહિ શકું. તમે ચાહે તો પેલા ઉપકાર બદલ બસો રૂપિયા લઇ જાઓ અગર મને ફરી પાછો ગંગામાં ધકેલી શકો છો." એ વૃદ્ધ હતા, બંગાળી માસિક 'પ્રવાસી'ના સુપ્રસિદ્ધ સંપાદક સ્વ. રામાનંદ ચટ્ટોપાધ્યાય.

* * *

પાકિસ્તાનના પ્રથમ ગવર્નર જનરલ મહમદઅલી ઝીણા એકવાર લાહોરમાં ગાંડાની હોસ્પિટલ જોવા ગયા. હોસ્પિટલમાં દાખલ થતાં જ એક માણસ તેમને સામો મળ્યો એણે ઝીણાને પૂછ્યું: 'તમે કોણ છો."

'હું પાકિસ્તાનનો પ્રથમ ગવર્નર જનરલ મહમદઅલી ઝીણા છું,' ઝીણાએ કહ્યું.

'એમ ? વાંધો નહિ. હું અહીં આવ્યો ત્યારે સમ્રાટ નેપોલિયન હતો. મારી જેમ તમને પણ આ લોકો સુધારી દેશે.' પેલો બોલ્યો.

* * *

બર્નાર્ડ શોના નવા નાટકનો બીજો ખેલ થવાનો હતો. તેને માટે શોએ પોતે અગત્યની વ્યકિતઓને આમંત્રણ મોકલેલાં. ચર્ચિલને પણ તેમણે નાટક જોવા આવવાનું આમંત્રણ મોકલી સાથે લખ્યુ. 'આ સાથે નાટકના બીજા ખેલની બે ટિકિટો મોકલી રહ્યો છું. એક તમારા માટે અને બીજી તમારા મિત્ર માટે—જો તમારે કોઈ મિત્ર હોય તો !'

ચર્ચિલ શોનો કટાક્ષ સમજી ગયા. તેમણે શોને લખ્યું. 'આપનું આમંત્રણ મળ્યું આભાર થયો. હું જરૂર નાટક જોવા આવીશ—જો તે બીજા ખેલ સુધી ચાલશે તો !'

* * *

એક વાર ત્રણ ગપ્પીદાસ ભેગા થયા તેમાં એક બન્ને આંખે આંધળો, બીજો બહેરો હતો જયારે ત્રીજો લંગડો હતો.

૧ લો: (આંધળો) જો સામેના પર્વત પર ચાલતી કીડી મને દેખાય છે.

૨ જો: (બહેરો) તે ચાલે છે તેનો અવાજ મને સંભળાય છે

૩ જો: (લંગડો) તમે કહેતા હો તો તેને હમણાં લઈ આવી દઉં.

* * *

'અલ્યા કનુ, તેં નોકરી કેમ છોડી દીધી ?'

'મેળ ન મળ્યો.'

'કોનો ? તારો અને તારા શેઠનો ?'

'ના. ચોપડાનો અને રોકડનો.'

* * *

'આ ઘડિયાળ મેં દોડવાની હરિફાઇમાં જીત્યું છે !'

"એમ ? કોણ હતું હરિફાઇમાં ?"

'એક ઇન્સપેકટર, એક હવાલદાર, આ ઘડિયાળનો માલિક અને કેટલાક લોકો...!'

મુદ્રક, પ્રકાશક અને સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, મહેશચંદ્ર પ્રિન્ટર્સ મુંબઇ નં. ૨. માં છપાવી, ડીવાઇન નૉલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઇ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.